* U A - 2 5 3 6 *

# UA-2536

## First Year B. Com. (Sem. II) Examination

**April / May – 2012**

## Financial Accounting

Time : Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **FIRST YEAR B. COM. (SEM. 2)**

Name of the Subject :
☛ **FINANCIAL ACCOUNTING**

☛ Subject Code No. : **2 5 3 6** ☛ Section No. (1, 2,.....) : **Nil**

Seat No. :

Student's Signature

(૨) પ્રશ્ન નં. ૧ ફરજિયાત છે.

(૩) પ્રશ્ન નંબર ૨ થી ૬ના ગુણ સરખા છે.

(૪) તમામ જરૂરી ગણતરી દર્શાવો.

૧ (૧) અમરોલીના રાજાએ દરેક રૂ. ૧૦૦ની એક એવી ૫૦૦૦ પ્લાસ્ટિક પાઈપો સુરતના કિંગને આડતથી વેચવા મોકલી રૂ. ૨૦,૦૦૦ નુર અને વીમાપ્રિમિયમના ચુકવ્યા રસ્તામાં ૫૦૦ પાઈપો આગથી નાશ પામી જેનો વીમા કંપનીએ રૂ. ૪૦,૦૦૦નો દાવો મંજુર રાખ્યો. અસામાન્ય નુકસાનની આમનોંધ આપો. **૧૦**

(૨) રાશના ધંધામાં વેચાણ બદલ રૂ. ૧૨,૦૦,૦૦૦ના બોન્ડ મળ્યા અને તે રૂ. ૯,૫૦,૦૦૦માં વેચી દીધા, તો રાશ ખાતાની ઉધાર બાજુ કેટલી રકમ નોંધાશે.

(૩) તા. ૨૮-૩-૨૦૧૨ના રોજ વલસાડ મુખ્ય ઓફિસે ભરૂચ ખાતે રૂ. ૨,૦૦,૦૦૦નો માલ મોકલ્યો હતો, જે શાખાને તા. ૪-૪-૨૦૧૨ના રોજ મળ્યો હતો. ભરૂચ શાખાએ રોકડ રૂ. ૨,૦૦,૦૦૦ તા. ૨૮-૩-૨૦૧૨ના રોજ માલ પેટે મોકલી આપી હતી, જે મુખ્ય ઓફિસને તા. ૫-૪-૨૦૧૨ના રોજ મળી હતી હિસાબી વર્ષ ૩૧મી માર્ચે પુરું થાય છે. મુખ્ય ઓફિસ તથા શાખાના ચોપડામાં આમનોંધ લખો.

(૪) નાયક ભાડે ખરીદ પદ્ધતિએ એક યંત્ર ખરીદયું યંત્રની રોકડકિંમત રૂ. ૪૫,૦૦૦ છે. કરાર વખતે રૂ. ૧૫,૦૦૦ અને બાકીની રકમ રૂ. ૧૫,૦૦૦ના ત્રણ સરખા વાર્ષિક હપતામાં ચુકવી દરેક હપતામાં ચુકવેલ વ્યાજની ગણતરી કરો.

૨ તા. ૧-૪-૨૦૧૨ના રોજ માંડવીના સ્નેહે તેમના એજન્ટ કડકીયાના આશિષને ૮,૦૦૦ લીટર ઓઈલ રૂ. ૬,૪૦,૦૦૦ની પડતર કિંમતે આડતથી વેચવા મોકલ્યું. પરંતુ કાચું ભરતિયું ભરતિયાં કિંમત પર ૨૦ ટકા નફો દર્શાવે તે કિંમતે બનાવવામાં આવ્યું છે. સ્નેહે નીચે મુજબનો ખર્ચ ચુકવ્યો.

નૂર રૂ. ૧૦,૦૦૦, વીમો રૂ. ૩૦,૦૦૦

તા. ૧-૪-૨૦૧૨ના રોજ સ્નેહ ૫,૦૦,૦૦૦ની ત્રણ માસની મુદતની એક હૂંડી આશીષ ઉપર લખી જે તેમણે સ્વીકારીને તરત જ પરત કરી. સ્નેહે આ હૂંડી તા. ૧-૫-૨૦૧૨ના રોજ ૧૨ ટકાના વાર્ષિક દરે વટાવી.

તેમણે વેચાણ આંકડામાં જણાવ્યું કે.

(૧) તેમણે જકાતના રૂ. ૧૦,૦૦૦, વીમાના રૂ. ૧૦,૦૦૦ અને વેચાણ ખર્ચના રૂ. ૧૫,૬૩૯ ચુકવ્યા.

(૨) ૪૫ ટકા ઓઈલ ભરતિયા કિંમત પર ૨૫ ટકા નફો ચઢાવીને રોકડેથી વેચ્યું.

(૩) ૨૫ ઓઈલ ભરતિયા કિંમત પર ૫૦ ટકા નફો ચઢાવીને બ્રિજેશને વેચ્યું.

(૪) ૧૦ ટકા ઓઈલ ભરતિંયા કિંમત પર ૨૫ ટકા નફો ચઢાવીને સ્નેહની ભલામણથી રાજેશને વેચ્યું.

(૫) ૫ ટકા ઓઈલ પોતાના અંગત વપરાશ માટે ભરતિયા કિંમતે ખરીદી લીધુ.

(૬) ૫ ટકા ઓઈલ નાશ પામ્યું જેનો ૬૦ ટકા દાવો વીમાકંપનીએ ચુકવ્યો.

(૭) લીકેજને કારણે ૫ ટકા ઓઈલને નુકસાન થયું જે સામાન્ય નુકસાન ગણી શકાય.

(૮) બંને ગ્રાહકો ૭૫ ટકા રકમ ચુકવ્યા પછી નાદાર જાહેર થયા, તેમની અંગત મિલકતમાંથી ૭૫ ટકા રકમ વસુલ કરી શક્યા.

આશિષને ૫ ટકા સાદી આડત અને ૨ ટકા આસામી આડત આપવામાં આવે છે. વળી આશિષને આડત, આસામી આડત અને નફાનો ભાગ બાદ કર્યા પછીના થયેલા ચોખ્ખા નફાનો ૧/૮ ભાગ આપવાનો છે.

ઉપરની વિગતો સ્નેહના ચોપડામાં આડતમાલ ખાતું તૈયાર કરો.

**અથવા**

૨ ૧-૧-૨૦૧૨ના રોજ મોટાપોન્ડાની વાપી કંપની લિ. એ સરભાણની ઓઈલ કંપનીને ૧,૦૦૦ બેરલ ઓઈલ દરેક રૂ. ૮૦૦ના ભાવથી આડતથી વેચવા મોકલ્યું. માલ મોકલતાં નૂર અને વીમાના રૂ. ૫૦,૦૦૦ ચુકવ્યા. રસ્તામાં ૨૫ બેરલ નાશ પામ્યાં, જેનો રૂ. ૧૫,૦૦૦નો દાવો વીમાકંપનીએ મંજુર રાખ્યો.

સરભાણ ઓઈલ કંપનીએ રૂ. ૫,૦૦,૦૦૦ની ત્રણ માસની મુદ્દતની હુંડી સ્વીકારી તેણે જણાવ્યું કે

(૧) માલ છોડાવવા રૂ. ૧૧,૨૫૦, ગોડાઉન ભાડું રૂ. ૧૦,૦૦૦, પગાર રૂ. ૩૦,૦૦૦ અને જાહેરાત ખર્ચ રૂ. ૨૦,૦૦૦ થયો છે.

(૨) ૭૫૦ બેરલ, બેરલદીઠ રૂ. ૧૨૦૦નાં ભાવથી વેચ્યા છે.

(૩) લીકેજને કારણે ૨૫ બેરલને નુકસાન થયું છે. જે સામાન્ય નુકસાન ગણી શકાય.

આડતિયાને વેચાણ પર ૫ ટકા આડત આપવાની છે. સરભાણ ઓઈલ કંપનીએ - બાકી રકમનો ડ્રાફ્ટ મોકલી ખાતું ચુકતે કર્યુ.

ઉપરની વિગતો પરથી મોટાપોન્ડા ઓઈલ કં. ના ચોપડામાં આડતમાલ ખાતું તૈયાર કરો.

૩ સચિનની મુંબઈમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને મુળકિંમત પર ૨૦ ટકા નફો ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે. શાખાના તમામ ખર્ચાઓ મુખ્ય ઓફિસેથી ચુકવાય છે. પરચૂરણ ખર્ચ માટે મુખ્ય ઓફિસ શાખાને પેટા રોકડ મોકલી આપે છે શાખા મળેલ રોકડ રોજ મુખ્ય ઓફિસના બેંક ખાતામાં જમા કરાવી દે છે નીચે દર્શાવેલી વિગત પરથી મુખ્ય ઓફિસના ચોપડામાં તા. ૩૧-૩-૨૦૧૨ના રોજ પૂરા થતાં વર્ષ માટે શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું અને ન. નુ. ખાતું તૈયાર કરો.

| વિગત | ૩૧-૩-૨૦૧૧ | ૩૧-૩-૨૦૧૨ |
|---|---|---|
| દેવાદારો | ૧૮,૦૦૦ | ૨૦,૨૫૦ |
| ફર્નિચર | ૨૧,૦૦૦ | ? |
| પેટા રોકડ | ૧૮૦ | ? |
| સ્ટોક | ૧૩,૫૦૦ | ૧૦,૮૦૦ |
| અન્ય માહિતી | - | - |
| શાખાને મોકલેલ માલ | ૪૧,૮૫૦ | |
| શાખાને પરત કરેલ માલ | ૧,૮૦૦ | |
| શાખાએ લખી વાળેલ ઘાલખાધ | ૩૦૦ | |
| રોકડ વેચાણ | ૩,૦૦૦ | |
| ગ્રાહકોએ પરત કરેલ માલ | ૪૫૦ | |
| દેવાદારોને આપેલ વટાવ | ૭૫૦ | |
| કુલ વેચાણ | ૬૮,૨૫૦ | |
| પરચુરણ ખર્ચા | ૪૨૦ | |
| પરચુરણ ખર્ચ માટે શાખાને મોકલેલ રોકડ | ૫૪૦ | |
| મુખ્ય ઓફિસે ચુકવેલ ખર્ચા | - | |
| ભાડું અને વેરા | ૨,૪૦૦ | |
| પગાર | ૩,૦૦૦ | |
| જકાત | ૭૫૦ | |
| સ્ટાફને બોનસ | ૯૦૦ | |

ફર્નિચર પર વાર્ષિક ૧૦ ટકા ઘસારો ગણો

**અથવા**

બારડોલી મુખ્ય ઓફિસ ભરથાણા શાખાને મુળકિંમત પર ૨૫ ટકા નફો ચઢાવીને ભરતિંયા કિંમતે માલ મોકલે છે. શાખા અંગે જરૂરી માહિતી નીચે મુજબ છે.

| *વિગત* | *૧-૪-૨૦૧૦* | *૩૧-૩-૨૦૧૧* |
|---|---|---|
| સ્ટોક (ભરતિંયા કિંમતે) | ૪૫,૦૦૦ | ૩૬,૦૦૦ |
| પેટા રોકડ | ૩૦૦ | ૧૫૦ |
| દેવાદારો | ૩૦,૦૦૦ | ૪૨,૦૦૦ |
| ફર્નિચર | ૧૫,૦૦૦ | ૧૩,૫૦૦ |
| વર્ષ દરમિયાનના વ્યવહારો | | ૧૩,૫૦૦ |
| મુખ્ય ઓફિસે શાખાને મોકલેલ રોકડ | | |
| ભાડું | ૫,૪૦૦ | |
| પગાર અને મજુરી | ૧૮૭૫૦ | |
| કરવેરા | ૬,૦૦૦ | |
| જાહેરાત | ૧૫,૦૦૦ | |
| પેટા રોકડ | ૩૦૦ | |
| શાખાને મોકલેલ માલ (ભ.કિ.) | ૩,૬૦,૦૦૦ | |
| શાખાને પરત કરેલ માલ (ભ.કિ) | ૧૮,૦૦૦ | |
| ગ્રાહકોએ પરત કરેલ માલ | ૯,૦૦૦ | |
| ગ્રાહકોએ પાસેથી મળેલ રોકડ | ૧,૫૦,૦૦૦ | |
| કુલ વેચાણ | ૪,૭૪,૦૦૦ | |
| ઘાલખાધ | ૩,૦૦૦ | |

ઉપરોક્ત માહિતી પરથી શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું અને ન.નુ. ખાતું તૈયાર કરો.

૪ કાજોલ અને અજય એક કૉમ્યૂનિટી હોલ બાંધવાના સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓ નફો કે નુકસાન અનુક્રમે ૧૦:૬ ના પ્રમાણમાં વહેચશે તેઓએ સંયુક્ત સાહસ માટે સંયુક્ત બેંક ખાતું ખોલાવ્યુ જેમાં કાજોલે રૂ. ૮,૦૦,૦૦૦ અને અજયએ રૂ. ૬,૦૦,૦૦૦ જમા કરાવ્યા.

કરાર કિંમત રૂ. ૩૬,૦૦,૦૦૦ નક્કી થઈ જેમાંથી ૭૦ ટકા રકમ રોકડમાં યુકવવામાં આવશે અને બાકીની ૩૦ ટકા રકમના કરાર આપનારના ડિબેંચરમાં ચુકવવામાં આવશે. સંયુક્ત બેંક ખાતામાંથી નીચેના ખર્ચા ચુકવવામાં આવ્યા.

| | |
|---|---|
| આર્કિટેક્ટ ફી | રૂ. ૨,૦૦,૦૦૦ |
| માલસામાન | રૂ. ૧૫,૦૦,૦૦૦ |
| મજૂરી | રૂ. ૪,૬૦,૦૦૦ |

કાજોલે રૂ. ૨,૬૦,૦૦૦ની કિંમતનો માલસામાન પોતાના સ્ટોકમાંથી આપ્યો અને રૂ. ૨૪૦૦ ગાડીભાડાના ચુકવ્યા. અજયે સુપરવાઈઝર તરીકે કાર્ય કરેલ છે તેને વળતર તરીકે રૂ. ૭૨,૦૦૦ ચુકવવાના છે.

કરાર પૂરા થતાં નક્કી થયાં પ્રમાણે કરાર કિંમત મળી. કરાર આપનારના ડિબેંચરમાંથી રૂ. ૬,૦૦,૦૦૦ના ડિબેંચર ૨૦ ટકાના વટાવે વેચવામાં આવ્યા અને બાકીના ડિબેંચર કાજોલે અડધી કિંમતે ખરીદી લીધા.

ભાગીદારોનાં ખાતાં સંયુક્ત બેંકમાંથી રકમ ચુકવી બંધ કર્યા. ઉપરોક્ત વિગત પરથી તૈયાર કરો.

(૧) સંયુક્ત સાહસ ખાતું

(૨) સંયુક્ત બેંક ખાતું

(૩) ભાગીદારોનાં મૂડી ખાતાં

**અથવા**

ગિરનાર, હિમાલય અને પાવાગઢ એક કંપનીના મકાન બાંધકામ માટે સંમત થયા, તેઓએ નફો - નુકસાન અનુક્રમે ૬ : ૪ : ૨ના પ્રમાણમાં વહેચવાનું નક્કી કર્યુ તેઓએ તેમના સંયુક્ત બેંક ખાતાંમાં રૂ. ૧૦,૮૦,૦૦૦ તેમના ન.નુ.ના પ્રમાણમાં જમા કરાવ્યા.

સંયુક્ત બેંક ખાતાંમાંથી ખર્ચા નીચે પ્રમાણે ચુકવેલ છે.

| | |
|---|---|
| મજુરી | રૂ. ૭,૮૦,૦૦૦ |
| માલસામાન | રૂ. ૧૨,૨૦,૦૦૦ |
| પ્લાન્ટ | રૂ. ૮૦,૦૦૦ |

આર્કિટેક્ટ ફી ના ૬૦,૦૦૦ ગિરનારને ચુકવેલ છે. રૂ. ૧,૧૦,૦૦૦ની કિંમતનું મિક્ષ્ચર મશીન હિમાલય લાવેલ છે. જ્યારે પાવાગઢ રૂ. ૮૦,૦૦૦નું વાહન લાવેલ છે.

પુરા થયેલ કામને અંતે વધેલ માલનો સ્ટોક ગિરનાર રૂ. ૫૦,૦૦૦ની કિંમતે લઈ ગયો. મિક્ષ્ચર મશીન રૂ. ૪૦,૦૦૦ની કિંમતે હિમાલય લઈ ગયો છે વાહન પાવાગઢ રૂ. ૬૦,૦૦૦ની કિંમતે લઈ ગયો. પ્લાન્ટના રૂ. ૨૦,૦૦૦ ઉપજયા.

રૂ. ૧૮,૦૦,૦૦૦ (કરાર કિંમતના ૭૫ ટકા મુજબ) બેંક ડ્રાફ્ટ સ્વરૂપે અને બાકીના ૧૨ ટકાના ડિબેંચરના સ્વરૂપમાં મળ્યા હતા. ડિબેચર ૨૦ ટકા ઓછી કિંમતે ગિરનાર ખરીદી લે છે.

ભાગીદારો વચ્ચે હિસાબની પતાવટ થઈ ગયેલ છે. તેમ ધારી સંયુક્ત રાશ ખાતું, સંયુક્ત બેંક ખાતું અને ભાગીદારોના મુડી ખાતાં ચોપડે તૈયાર કરો.

**અથવા**

૫ નવયુગે કે. પી. પાસેથી તા. ૧-૧-૨૦૦૮ના રોજ એક કમ્પ્યુટર ભાડા ખરીદ પદ્ધતિથી ખરીદયું.

| તારીખ | વ્યાજ સહિત રકમ રૂ. |
|---|---|
| ૧-૧-૨૦૦૮ | ૬૨,૫૦૦ |
| ૩૧-૧૨-૨૦૦૮ | ૫૬,૨૫૦ |
| ૩૧-૧૨-૨૦૦૯ | ૫૦,૬૨૫ |
| ૩૧-૧૨-૨૦૧૦ | ૩૨,૫૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૧ | ૨૮,૭૫૦ |

દર વર્ષની શરૂની બાકી પર વાર્ષિક ૧૫ ટકા લેખે વ્યાજ ગણવાનું છે. ઘસારો ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક ૧૦ ટકા લેખે ગણવાનો છે. નવયુગના ચોપડે તૈયાર કરો.

(૧) કમ્પ્યુટરનું ખાતુ

(૨) વ્યાજ ખાતુ

(૩) ઘસારા ખાતું

(૪) વેચનારનું ખાતું

**અથવા**

અખંડઆનંદ લિ. એ બરફીવાલા લિ. પાસેથી તા. ૧-૧-૨૦૦૮ના રોજ ભાડા ખરીદ પદ્ધતિએ એક યંત્ર ખરીદયું યંત્રની ખરીદી પેટે અખંડઆનંદ લિ. નીચે પ્રમાણેની રકમો ચુકવી હતી.

| | |
|---|---|
| તા. ૧-૧-૨૦૦૮ | રોકડ કિંમતના ૧૦ ટકા |
| તા. ૩૧-૧૨-૨૦૦૮ | રૂ. ૧,૧૧,૨૫૦ |
| તા. ૩૧-૧૨-૨૦૦૯ | રૂ. ૮૧,૨૫૦ |
| તા. ૩૧-૧૨-૨૦૧૦ | રૂ. ૫૨,૫૦૦ |

હપતામાં ૫ ટકા લેખે વ્યાજની રકમનો સમાવેશ થાય છે. ઘસારો ૧૦ ટકા મુજબ સીધી લીટીની રીતે ગણવાનો છે. અખંડ આનંદ લિ. ના ચોપડામાં યંત્ર ખાતું અને બરફીવાલા લિ. નું ખાતું તૈયાર કરો.

૬ ટુંકનોધ લખો : (ગમે તે ત્રણ)

(૧) સ્ટોક અને દેવાદારની પદ્ધતિ

(૨) આસામી આડત અને સાદી આડત

(૩) સંયુક્ત બેંક ખાતું

(૪) હપતા પદ્ધતિ અને ભાડા ખરીદ પદ્ધતિ વચ્ચે તફાવત સમજાવો.

(૫) માર્ગસ્થ માલ અને માર્ગસ્થ રોકડ

## ENGLISH VERSION

**Instructions :** (1) As per the instruction no. 1 of page no. 1.
(2) Question no. 1 is compulsory.
(3) Question no. 2 to 6 carry equal marks.
(4) Show your necessary calculation.

1 (1) Raja of Amroli sent on consignment 5,000 plastic pipes of Rs. 100 each to King Surat He paid Rs. 20,000 for freight and insurance premium 500 pipes were destroyed by fire in transit and insurance co. accepted a claim of Rs. 40,000. Pass journal abnormal Loss. **10**

(2) Bond of Rs. 12,00,000 are received against work done in joint venture business and they are sold for Rs. 9,50,000 then what amount is recorded on the debit side of joint venture A/c ?

(3) The Valsad Head office sent goods worth Rs. 2,00,000 to its Bharuch branch on march 28, 2012. The branch received these goods on April, 4-2012 Bharuch branch sent Rs. 2,00,000 to the head office on march, 28-2012 against the goods. The head office received this money on April 5-2012. The accounting year closed on march 31.

Pass the journal entries in the books of head office and branch both.

(4) Naik has purchased one machinery on hire purchase agreement. The cash price of machinery is Rs. 45,000. The amount is to be paid on agreement Rs. 15,000 and balance amount is to be paid by three equal annual installment of Rs. 15,000 each. Find out the amount of interest in each installment.

**2** On 1$^{st}$ April 2012, Sneh of Mandvi consigned 8,000 Ltr. Oil costing Rs. 6,40,000 to his agent Ashish of Kadkiya but the pro-forma invoice was made out at a figure so as to show a profit of 20% on invoice price. Sneh paid the following expenses.

Freight Rs. 10,000, Insurance Rs. 30,000

On 1-4-2012 Sneh draw a bill of Rs. 5,00,000 for three month on Ashish, Which was immediately returned by the latter, duty accepted Sneh discounted this bill in a bank on 1-5-2012 at 12% discount per annum.

He reported in the account sale that

(1) He paid Rs. 10,000 for octroi, Rs. 10,000 for insurance and Rs. 15,639 selling expenses.

(2) 45% oil were sold for cash at 25% profit on invoice price.

(3) 25% oil were sold on credit to Brijesh at 50% profit on invoice price.

(4) 10% oil were sold to Rajesh as per Sneh recommendation at 25% profit on invoice price.

(5) 5% oil purchased by him for his personal use at the invoice price.

(6) 5% oil were destroyed in the godown for which the insurance company paid a claim of 60%.

(7) 5% oil were damaged due to leakage which is considered as a normal loss.

(8) After paying 75% amount both customers' were declared insolvent and 75% could be recovered from their personal assets.

Ashish is entitled to receive a General commission of 5% on sales and 2% del-credere commission on credit sales and Ashish is also entitled to receive 1/8 share of net profit consignement after deducting commission, del-credere commission and share of profit.

From the above particulars prepare consignment account in the books of Sneh.

**OR**

2 On 1-1-2012 Vapi oil Co. of Motaponda, consigned 1000 barrels of oil cost of Rs. 800 per barrel to Sarbhan oil co. The consignor paid Rs. 50,000 as freight and insurance. 25 barrels were destroyed in transit for which the insurance company settled the claim at Rs. 15,000.

Sarbhan oil co accepted a bill Rs. 5,00,000 for 3 month. He informed that

(1) Clearing charges 11,250, Godown rent 10,000 salaries of salesmen Rs. 30,000 and adveritsement expenses Rs. 20,000 were paid by him.

(2) 750 barrels were sold at Rs. 1200 per barrel.

(3) 25 barrels were damaged due to leakage which is considered as normal loss.

The consignee is entitled for 5% commission on sale Sarbhan Co sent the draft of the amount due.

From the above particulars prepare consignment account in the books of Motaponda.

3 Sachin has a branch in Mumbai. The head office sends goods to branch at an invoice price by adding 20% profit on cost price. The branch makes cash as well as credit sales. All the expenses of the branch are paid by the head office. The head office sends petty cash to the branch for miscellaneous expenses. The cash collected by the brach is credited in the bank account of head office daily. After considering the following information, prepare branch account, branch trading and profit and loss account in the books of the head office for the year ended $31^{st}$ march 2012 :

| *Particulars* | *31-3-2011* | *31-3-2012* |
|---|---|---|
| Debtors | 18,000 | 20,250 |
| Furniture | 21,000 | ? |
| Petty cash | 180 | ? |
| Stock | 13,500 | 10,800 |
| Other Particulars | - | - |
| Goods sent to branch | 41,850 | |
| Goods returned by branch | | |
| (invoice price) | 1,800 | |
| Bad debts written off by branch | 300 | |
| Cash sales | 3,000 | |
| Goods returned by customers | 450 | |
| Total sales | 68,250 | |
| Discount allowed to branch debtors | 750 | |
| Petty cash expenses | 420 | |
| Remittance to branch for petty cash | 540 | |
| Expenses paid by H.O. | - | |
| Rent | 2,400 | |
| Salary | 3,000 | |
| Bonus to staff | 900 | |
| Octori | 750 | |

Calculate 10% dep. on furniture.

**OR**

Bardoli head office sends goods to Bhardhana branch at invoice price adding 25% on cost price. Necessary information regarding branch are as under :

| ***Balances*** | ***1-4-2010*** | ***31-3-2011*** |
|---|---|---|
| Stock (I.P.) | 45,000 | 36,000 |
| Petty cash | 300 | 150 |
| Debtors | 30,000 | 42,000 |
| Furniture | 15,000 | 13,500 |
| Cash sent to branch by head office | | |
| Rent | 5,400 | |
| Salaries and wages | 18,750 | |
| Advertisement | 15,000 | |
| Petty cash | 300 | |
| Transactions during the year | | |
| Goods sent to the branch (IP) | 36,000 | |
| Goods returned by branch (IP) | 18,000 | |
| Goods returned by customers | 9,000 | |
| Total sales | 4,74,000 | |
| Bad debts | 3,000 | |
| Cash received from customers | 15,000 | |

From the above information prepare branch account, branch trading and profit and loss account.

4 Kajol and Ajay agreed to construct community hall. They decided to share profit or loss in 10:6 respectively.

A bank account is opened in which Kajol and Ajay deposited Rs. 8,00,000 and Rs. 6,00,000.

The contract price was agreed at Rs. 36,00,000 payable 70% by cash and the balance 30% by debentures (of the contract fee).

Amount paid as expenses from their joint bank account.

| | |
|---|---|
| Architect fees | Rs. 2,00,000 |
| Material | Rs. 15,00,000 |
| Wages | Rs. 4,60,000 |

Material of Rs. 2,60,000 supplied by Kajol from his stock and paid Rs. 2,400 for carriage. Remuneration of Rs. 72,000 is to be paid to Ajay for his supervision work.

Contract price was received as per agreement on completion of the contract.

Debenture of Rs. 6,00,000 were sold at 20% discount from constractee's debentures and remaining debentures were purchased by Kajol at half the price.

Partners account were closed after amount paid from joint bank account.

From the above details prepare

(1) Joint venture account

(2) Joint bank account

(3) Partners account

**OR**

Girnar, Himalya and Pavagadha agreed to construct a building for a company they decided to share profit or loss in 6:4:2 respectively. They deposited Rs. 10,80,000 in their joint bank account as per their profit sharing ratio Expenses were as under.

Amount paid from their joint bank account

| | |
|---|---|
| Wages | Rs. 7,80,000 |
| Material | Rs. 12,20,000 |
| Plant | Rs. 80,000 |
| Architect fee paid by Girnar | Rs. 60,000 |
| Mixture machine (brought by Himalya) | Rs. 1,10,000 |
| Vehicle (brought by Pavagadha) | Rs. 80,000 |

On completion of the work Girnar took away materials in stock for Rs. 50,000, Himalya took away mixture machine for

Rs. 40,000 and Pavagadha took away vehicle for Rs. 60,000 plant realized Rs. 20,000.

Rs. 18,00,000 (being 75% amount of contract price) was received through bank draft and 12% debentures were received for the balance which were purchased by Girnar at 20% less than its face value.

Prepare joint venture account, joint bank a/c and partners account in the books of the firm assuming that account have been settled among the partners.

5 Navyug has purchased a computer on hire purchase bases from K.P. on $1^{st}$ 2008. Payment terms are us under.

| Date | amount with interest |
|---|---|
| 1-1-2008 | 62,500 |
| 31-12-2008 | 56,250 |
| 31-12-2009 | 50,625 |
| 31-12-2010 | 32,500 |
| 31-12-2011 | 28,750 |

Interest is to be charged on the opening balance at 15%.

Depreciation is to be charged at 10% on reducing balance method.

Prepare in the books of Navyug

(1) Computer A/c

(2) Interest A/c

(3) Depreciation A/c

(4) K.P. A/c

**OR**

Akhnd Anand co. Ltd. Purchased one machine from Barfiwala co Ltd. On 1-1-2008 on hire purchase method Akhnd Anand a co. Ltd. It had paid following amounts towards the purchase of the machine.

| | |
|---|---|
| On 1-1-2008 | 10% of cash price |
| On 31-12-2008 | Rs. 1,11,250 |
| On 31-12-2009 | Rs. 81,250 |
| On 31-12-2010 | Rs. 52,500 |

Installments include interest at the rate of 5% per annum. Depreciation is to be charged at the rate of 10% as per straight line method.

Prepare machinery A/c and Barfiwala Co ltd. A/c in the books of Akhnd Anand Co. Ltd.

**6** Write short note : (any three)

(1) Stock and debtors system

(2) Del credere commission and simple commission.

(3) Joint bank account

(4) Explain the difference between hire - purchase and installment system.

(5) Goods in transist and remiltence in - transist.

---